**સરકારી અધિકારીઓ/કર્મચારીઓની નોકરીને લગતી મુશ્કેલીઓ અંગે વિભાગના અધિકારીઓને રજુઆત કરવાની સુવિધા આપવા બાબત.**

ગુજરાત સરકાર,
જળસંપત્તિ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપસ્ય-૧૦૮૯-૧૯-ઈ૪,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૩૧-૮-૧૯૮૯.

**પરિપત્ર:**

સરકારી અધિકારીઓ/કર્મચારીઓ પોતાની નોકરીને લગતી મુશ્કેલીઓ જેવી કે ખાતાકીય તપાસ, ફરજમોકુફી, બદલી વિગેરે બાબતમાં ધારાસભ્યશ્રીઓ કે સંસદસભ્યશ્રીઓ અથવા અન્ય દ્વારા રજુઆત કરે તો તેમની સામે ખાતાકીય કાર્યવાહી કરવા માટે સરકારે સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૧-૭૮ના પરિપત્ર ક્રમાંકઃસીડીઆર-૧૦૭૭-૨૮૧૪-ગ, અન્વયે, સુચનાઓ બહાર પાડેલી છે. ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦-૯-૮૦ના પરિપત્ર ક્રમાંકઃપીઆરએફ/૧૦૮૦/૨૦૯૬/ગ-૨ અને તેના અનુસંધાનમાં નર્મદા વિકાસ વિભાગના તા.૧૩-૨-૮૬ના પરિપત્ર ક્રમાંકઃપીએફએસ-૧૧૮૪-૧૭-ઈ-૬ અન્વયે જે અધિકારી/કર્મચારીઓ આવી લાગવગ લઈને આવે ત્યારે તેની પ્રતિકૂળ નોંધ તેમના ખાનગી અહેવાલમાં કરવામાં આવે તેવી સુચનાઓ પણ બહાર પાડવામાં આવી છે.

ઉપરના સરકારી પ્રવર્તમાન હુકમોના કારણે જળસંપત્તિ વિભાગ અને તેના તાબા હેઠળના સર્વે ખાતાઓ અને કચેરીઓના વડાઓના અધિકારી/કર્મચારીઓ પોતાની નોકરી અંગેની મુશ્કેલીઓની રજુઆત સરળતાથી વિભાગના જ અધિકારીઓને કરી શકે તેવી વિચારણા કરવામાં આવી છે. જળસંપત્તિ વિભાગ અને તેના તાબા હેઠળના સર્વે ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓની કચેરીના સર્વે અધિકારીઓ/કર્મચારીઓને આથી જણાવવામાં આવે છે કે તેમણે તેમની નોકરી અંગેની મુશ્કેલીઓ બાબત જળસંપત્તિ વિભાગના સંબંધીત નાયબ સચિવશ્રી, મુખ્ય ઈજનેરશ્રી અને સંયુક્ત સચિવશ્રી અને વિભાગના સચિવશ્રીને નીચેના દિવસ અને સમયે રજુઆત કરવી.

| અધિકારી. | દિવસ. | સમય. |
|---|---|---|
| નાયબ સચિવશ્રી | સોમવાર | બપોરે ૨-૦૦ થી ૪-૦૦ |
| મુખ્ય ઈજનેરશ્રી અને સંયુક્ત સચિવશ્રી, | સોમવાર | બપોરે ૪-૦૦ થી ૫-૦૦ |
| સચિવશ્રી, | સોમવાર | બપોરે ૫-૦૦ થી ૬-૦૦ |

સહી/-
(છોટુભાઈ દેસાઈ)
ગુજરાત સરકારના નાયબ સચિવ
જળસંપત્તિ વિભાગ,